**<u>પ્રેસ નોટ તા.૦૮/૦૬/૨૦૨૩</u>**

**<u>ચલાલા પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

➪ <u>ગુનાની વિગતઃ-</u>

ગઇ તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ બીચ્છુભાઇ ભગુભાઇ વાળા, ઉ.વ.૫૦, રહે.હાલ મીઠાપુર (ડુંગરી), તા.ધારી, જિ.અમરેલી વાળા ચલાલા, બસ સ્ટેન્ડ પાસે, ધારી રોડ પરના ગેઇટ પાસે બેસેલ હોય, તે દરમિયાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૧,૪૯૦/- નો કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે બીચ્છુભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **ચલાલા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૩૨૩૦૧૫૩/૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૩ નાં ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ચલાલા, બસ સ્ટેન્ડ પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા ચલાલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**કિશનસિંહ હરીસિંહ રાજપુત, ઉ.વ.૩૨, રહે.મીઠાપુર (ડુંગરી), તા.ધારી, જિ.અમરેલી મુળ રહે.માજાવાસ, જિ.ભીલવાડા (રાજસ્થાન)**

➪ <u>રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>

**એક ઓપ્પો કંપનીનો A15-S મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૧૧,૪૯૦/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **હેડ કોન્સ.**, તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## **પ્રેસ નોટ તા.૦૮/૦૬/૨૦૨૩**

## **રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ (IMFL)ની કુલ બોટલ નંગ- ૮૪ કિ.રૂ.૨૫,૨૦૦/- ની હેરફેર કરતા એક ઇસમને વાહન સહિત કુલ કિં.રૂ.૩,૩૦,૨૦૦/- નાં મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ** ગઇ કાલ તા.૦૭/૦૬/૨૦૨૩ નાં રોજ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઇટ પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી રાહે હકીકત મળેલ કે, એક ટાટા જેનોન કારમાં ગેરકાયદેસર ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો ભરી ખારી ગામના રોડ તરફથી આવે છે, જે બાતમી આધારે વોચમાં હોય તે દરમિયાન હકિકત વાળી ટાટા કાર આવતા જેને રોકવા પ્રયાસ કરતા ગાડી ઉભી રાખેલ નહિ, જેનો પોલીસ સ્ટાફે પીછો કરતા ટાટા કાર આગળ રસ્તામાં ઉભી રાખી બે ઇસમો નાસવા જતા એક ઇસમને પકડી પાડેલ અને એક ઇસમ નાસી ગયેલ, જે કારમાં જોતા ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો મળી આવેલ, જે પકડાયેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલો તથા વાહન સહિતનો મુદ્દામાલ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે અને નાશી ગયેલ આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે.

➡ **પકડાયેલ આરોપીઃ-**

(૧) દડુ છગનભાઇ શિયાળ, ઉ.વ.૩૦, રહે.ખરેડ, તા.મહુવા, જિ.ભાવનગર હાલ રહે.ખેરાળી, તા.રાજુલા, જિ.અમરેલી.

➡ **પકડવાના બાકી આરોપીઃ-**

(૨) જસુ ભાભલુભાઇ ભુંકણ, રહે.લુસડી, તા.મહુવા, જિ.ભાવનગર.
(૩) જગુ ભીખુભાઇ બાબરીયા, રહે.ખાંભા, તા.ખાંભા, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૭૫૦ એમ.એલ.ની કુલ બોટલો નંગ–૮૪ કિ.રૂ.૨૫,૨૦૦/- તથા એક ટાટા જેનોજ પીકઅપ કાર રજી. નંબર જી.જે.૧.ડી.વી.૪૯૭૪ કિ.રૂ.૩,૦૦,૦૦૦/- તથા એક એન્ડ્રોઇલ મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦/- મળી **કુલ કિ.રૂ.૩,૩૦,૨૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **એલ.સી.બી. ટીમના એ.એસ.આઇ.** તથા **પો કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ નોટ તા.૦૮/૦૬/૨૦૨૩</u>

## <u>સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. માં e-FIR દ્વારા દાખલ થયેલ મોબાઇલ ચોરીના ગુનામાં એક ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે પકડી પાડી, અનડીટેકટ ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

**ગુજરાત સરકારીશ્રી** દ્વારા ગુજરાતના નાગરીકોને આપવામાં આવતી ઓનલાઇન સેવાઓમાં વધારો કરી, વાહન ચોરી કે મોબાઇલ ચોરી થયા અંગેની ફરીયાદ કરવા પોલીસ સ્ટેશનમાં જવુ ન પડે, અને ઘરે બેઠા ફરીયાદ કરી શકાય તે માટે સીટીઝન પોર્ટલ અથવા સીટીઝન ફર્સ્ટ મોબાઇલ એપ મારફતે ફરીયાદ કરવા e-FIR ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવેલ છે. જે અન્વયે **પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી સાહેબશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર** નાઓએ સરકારશ્રીની આ યોજનાનો લાભ લેવા નાગરીકો દ્વારા વાહન ચોરી કે મોબાઇલ ચોરી અંગે દાખલ કરવામાં આવતી e-FIR અન્વયે સુચનો અને માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે.

⇨ <u>ગુનાની વિગતઃ-</u>

ગઇ તા.૨૩/03/૨૦૨૩ ના રોજ ચંદ્રેશભાઇ માલદેવભાઇ ઓડેદરા, ઉ.વ.૨૬, રહે.પોરબંદર, ઇન્દીરાનગર તા.જિ.પોરબંદર વાળા પોતાના ટ્રક લઇ મહુવા જતા હોય, તે દરમ્યાન બાઢડા ગામે ટ્રકમાં ડીઝલ ભરાવવા માટે ઉભેલ હોય, અને પેટ્રોલ પંપે ટ્રકમાં ડીઝલ પુરાવતા હોય તે દરમ્યાન પોતાનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૨૨,૯૯૯/- નો નો કોઇ અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલ હોય, જે અંગે ચંદ્રેશભાઇ દ્વારા e-FIR કરાવેલ હોય, જે e-FIR અંગે ખરાઇ કરી, તેના પરથી **સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૩૦૧૦૯ /૨૦૨૩, ઇ.પી.કો. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમા e-FIR દ્વારા દાખલ થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામા e-FIR થી દાખલ થયેલ ગુનાઓના આરોપીઓને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઇલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ. શ્રી** તથા **એલ.સી.બી. ટીમ** ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતુ.

ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે **એલ.સી.બી. ટીમ** દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૦૮/૦૬/૨૦૨૩ નાં સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન મહુવા રોડ, ખાંભા ટી પોઇન્ટ પાસેથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવતા, પકડાયેલ ઇસમને ચોરીના મોબાઇલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

⇨ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

**મુકેશ શંભુભાઇ મકવાણા, ઉ.વ.૨૯, રહે.સાવરકુંડલા, કાણકીયા કોલેજ પાસે, તા.સાવરકુંડલા, જિ.અમરેલી.**

⇨ <u>રીકવર કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>

**એક ઓપ્પો કંપનીનો** F21-Pro **મોડલનો એન્ડ્રોઇડ મોબાઇલ ફોન કિં.રૂ.૨૨,૯૯૯/- નો મુદ્દામાલ**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ તા.૧૦/૦૬/૨૦૨૩

## અમરેલી શહેરમાં રહેણાંક મકાનમાં દિવસ દરમિયાન થયેલ ઘરફોડ ચોરી ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ

➡ **ગુન્હાની વિગતઃ-**

ગઇ તા.૦૨/૦૬/૨૦૨૩ નાં રોજ ધાનીબેન મેપાભાઇ સામળા, ઉ.વ.૪૨, રહે.અમરેલી, હનુમાનપરા શેરી નંબર ૦૭, ક્રિષ્ના પાન વાળી શેરી તા.જિ.અમરેલી વાળા પોતાના રહેણાંક મકાનમાં તાળા મારી વિદ્યાસભા સ્કુલની હોસ્ટેલમાં રસોઇના કામ અર્થે ગયેલ હોય તે દરમિયાન સવારના આંઠેક વાગ્યાથી બપોરના આશરે સવા બારેક વાગ્યાના સમય દરમિયાન કોઇ અજાણ્યા ચોર ઇસમો દિવાલ કુદીને રૂમનુ તાળુ તોડી, રહેણાંક મકાન અંદર ગેરકાયદેસર પ્રવેશ કરી, રૂમના કબાટના લોકરમાં રાખેલ જુદા – જુદા સોના ચાંદીના દાગીના કુલ કિં.રૂ.૧,૩૫,૨૫૦/- તથા રોકડ રૂ.૮૦૦૦/- તથા એક મોબાઇલ ફોન કિં.રૂ.૧૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧,૪૪,૨૫૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કરેલ હોય, જે અંગે ધાનીબેનએ આ અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા **અમરેલી સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૩૦૩૫૨/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૪૫૪, ૩૮૦** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૩ નાં રોજ અમરેલી સીટી વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે હકિકત મળેલ કે અમરેલી –

લાઠી બાયપાસ રોડ, હ્યુન્ડાઇના શો રૂમ પાસે રહેતા પરેશ ધીરૂભાઇ પરમાર તથા સાગર ધીરૂભાઇ પરમાર તથા તેનો ભાઇ બાળ કિશોર ત્રણેય મળી આ ઘરફોડ ચોરી કરેલ હોવાની હકિકત મળેલ હોય, જે હકિકત આધારે તપાસ દરમિયાન ચોરીમાં ગયેલ મોબાઇલ ફોન મળી આવેલ તેમજ આ પરેશ તથા સાગર હાજર મળી આવેલ ન હોય,મળી આવેલ મોબાઇલ ફોન આગળની કાર્યવાહી થવા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે અને ચોરી કરી નાશી જનાર આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરેલ છે.

⇨ **<u>પકવાના બાકી આરોપીની વિગતઃ-</u>**

(૧) પરેશ ધીરૂભાઇ પરમાર, રહે.અમરેલી, લાઠી રોડ બાયપાસ, તા.જિ.અમરેલી.

(૨) સાગર ધીરૂભાઇ પરમાર, રહે.અમરેલી, લાઠી રોડ બાયપાસ, તા.જિ.અમરેલી.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.હેડ કોન્સ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.

## <u>પ્રેસ નોટ તા.૧૦/૦૬/૨૦૨૩</u>

## <u>જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામે આવેલ સ્વાન કંપનીમાંથી કેબલ વાયરની ચોરી કરનાર બે ઇસમોને કેબલ વાયર કિં.રૂ.૨૪,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી, ચોરીનો ગુનો ડીટેક્ટ કરતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>

⇨ **<u>ગુન્હાની વિગતઃ-</u>**

જાફરાબાદ તાલુકાના ભાકોદર ગામે આવેલ સ્વાન કંપનીમાં આવેલ બ્લેક એન્ડ વીચ કંપનીના ઇન્સુયુકેન્ટ કેબલ વાયરો કંપનીની ખુલ્લી જગ્યામાં રાખેલ હોય, ગઇ તા.૧૨/૦૫/૨૦૨૩ થી તા.૧૪/૦૫/૨૦૨૩ દરમિયાન કંપનીના ઇન્સુયુકેન્ટ કેબલ વાયર ૫૫ – ૫૫ મીટરના ૩ બંડલ કુલ ૧૬૫ મીટર કિં.રૂ.૬૦,૦૦૦/- ના કોઇ અજાણ્યો ઇસમ ચોરી કરી ગયેલ હોય, જે અંગે બ્લેક એન્ડ વીચ કંપનીની અંદરમાં કામ કરતી સ્કાય વેવજ સિકયુરીટી પ્રા.લી.ના ફીલ્ડ ઓફીસર મેહુલસિંહ પ્રતાપસિંહ સોઢા, ઉ.વ.૨૭, રહે.ભાકોદર, કંપની કોલોની, તા.જાફરાબાદ, જિ.અમરેલી નાઓએ આ અજાણ્યા ઇસમ વિરૂધ્ધ ફરીયાદ

આપતા **જાફરાબાદ મરીન પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૦૨૪૨૩૦૨૨૯/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુન્હો રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી. શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેક્ટ ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હોય,

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમ દ્વારા** ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઇ કાલ તા.૦૯/૦૬/૨૦૨૩ નાં રોજ જાફરાબાદ તાલુકા વિસ્તારમાં કોમ્બીંગ નાઇટ પેટ્રોલીંગ દરમ્યાન જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી બે ઇસમોને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોક્ત ચોરીમાં ગયેલ કેબલ વાયર પૈકીનો કેબલ વાયર મળી આવતા, પકડાયેલ ઇસમોની સઘન પુછ પરછ કરતા તેઓએ ઉપરોકત ગુનાની કબુલાત આપતા, તેઓને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>**

(૧) લાલા ભાણાભાઇ બાંભણીયા, ઉ.વ.૩૦, રહે.ભાકોદર, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૨) મહેશ શિવપાલ યાદવ, ઉ.વ.૩૯, (બ્લેક એન્ડ વીચ કંપનીના સિકયુરિટી ગાર્ડ) રહે.ભાકોદર, તા.જાફરાબાદ, જિ.અમરેલી મુળ રહે.ગુંદેલા, તા.મોહદહા, જિ.હમીરપુર, ઉત્તરપ્રદેશ.

➡ **<u>કબ્જે કરેલ મુદ્દામાલની વિગતઃ-</u>**

કેબલ વાયર આશરે ૩૦ kg. **કુલ કિં.રૂ.૨૪,૦૦૦/- નો મુદ્દામાલ.**

➡ **<u>પકડાયેલ આરોપી લાલા ભાણાભાઇ બાંભણીયાનો ગુનાહિત ઇતિહાસઃ-</u>**

પકડાયેલ આરોપી લાલા ભાણાભાઇ બાંભણીયા વિરૂધ્ધ નીચે મુજબના ગુનોઓ રજી. થયેલ છે.

(૧) જાફરાબાદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૪૨૦૦૩૦૬/૨૦૨૦ પ્રોહી. કલમ ૬૫(એ)(એ) મુજબ.

(૨) જાફરાબાદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૪૨૧૦૮૦૮/૨૦૨૧ પ્રોહી. કલમ ૬૫(એ)(એ) મુજબ.

(૩) જાફરાબાદ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૩૦૨૪૨૦૦૩૩૪/૨૦૨૦, પ્રોહી. કલમ ૬૬(૧)બી મુજબ.

(૪) ગીરસોમનાથ, ઉના પો.સ્ટે. સે. ગુ.ર.નં.૧૨૪/૨૦૧૯ એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. પોલીસ ઇન્સ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **પો.સ.ઇ.શ્રી** તથા **અમરેલી એલ.સી.બી.ના એ.એસ.આઇ.** તથા **પો.કોન્સ.** દ્વારા કરવામાં આવેલ છે.